# ફ્લિપકાર્ટ તેના ગ્રોસરી ઓપરેશન્સને વેગ આપે છેઃ તે સમગ્ર દેશના 50થી વધુ શહેર સુધી તેની પહોંચ વિસ્તારશે

- **ફ્લિપકાર્ટ માર્કેટપ્લેસ પર હવે ગ્રોસરી કોલકત્તા, પૂના, અમદાવાદ, જયપુર, ચંદિગઢ અને મૈસુર સહિતના અન્ય શહેરો પર પણ મળશે**
- **આગામી 6 મહિનામાં 70થી વધુ શહેરોમાં તેના વિસ્તરણનું આયોજન છે**
- **ફૂડ પ્રોસેસિંગ, ખેડૂતો માટે ગ્રોસરી વિસ્તરણ બજારના સંયોજનને વેગ આપશે**

બેંગ્લુરુ- માર્ચ 02, 2021: ફ્લિપકાર્ટ, ભારતની અગ્રણી હોમગ્રોન ઇ-કોમર્સ માર્કેટપ્લેસ,એ તેના સમગ્ર ભારતના માર્કેટપ્લેસ દ્વારા દેશના 50થી વધુ શહેરોમાં તેની ગ્રોસરી સેવાનું વિસ્તરણ કરે છે. આ વિસ્તણ 7 મેટ્રો શહેર અને 40થી વધુ તેની આસપાસના શહેરોના વપરાશકર્તાને ઉચ્ચ ગુણવત્તાયુક્ત ગ્રોસરી પ્રોડક્ટ પૂરી પાડશે, સાથોસાથ શ્રેષ્ઠ બચત અને ઓફર, ઝડપી ડિલિવરી અને સૌથી સારો અડચણ રહિત શોપિંગનો અનુભવ.

વર્ષોથી, ફ્લિપકાર્ટએ તેની ગ્રોસરી સેવામાં ઝડપી વિસ્તરણ માટે રોકાણ કર્યું છે અને પાછલા વર્ષોમાં તેમાં ઝડપી સુધારો કરવા સક્ષમ બન્યું છે. આ વિસ્તરણથી કોલકત્તા, પૂના અને અમદાવાદ જેવા મેટ્રો શહેરોના વપરાશકર્તાઓને ફ્લિપકાર્ટની ગ્રોસરી સેવામાં સરળતા મળશે, જેમાં ફ્લિપકાર્ટના સમર્પિત ગ્રોસરી પૂરી પાડતા સેન્ટર્સ પણ મદદ કરશે. ફ્લિપકાર્ટ તેની સેવાને મેટ્રો શહેરોથી આગળ વધીને મૈસુર, કાનપુર, વેરાંગલ, અલ્લાહબાદ, અલિગઢ, જયપુર, ચંદિગઢ, રાજકોટ, વડોદરા, વેલ્લોર, તિપુપતિ અને દમણ સહિત અન્ય શહેરોમાં પણ સેટેલાઈટ- વિસ્તરણ માર્કેટપ્લેસ મોડેલ દ્વારા વિસ્તારી રહ્યું છે.

રોગચાળાએ કરોડો લોકોને ઇ-કોમર્સ તથા સરળ અને આરામદાયી ડિઝીટલ ટ્રાન્જેક્શન તરફ વાળ્યા છે. તેનાથી ફક્ત મેટ્રોમાં જ નહીં, પરંતુ ટિયર ટુ અને તેનાથી પણ આગળ નાના શહેરોમાં પણ ઇ-ગ્રોસરીની ગ્રાહકોની માંગમાં ઉછાળો જોવા મળ્યો છે.

મનિષ કુમાર, સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ- ગ્રોસરી, જનરલ મર્કેન્ડાઈસ અને ફર્નિચર, ફ્લિપકાર્ટ કહે છે, "ગ્રોસરીએ સૌથી ઝડપી વૃદ્ધિ પામતી શ્રેણીમાંની એક છે, જેમાં વપરાશકર્તાઓમાંથી ગુણવત્તાસભર ફૂડ અને હાઉસહોલ્ડ પૂરવઠાની માંગનો વધારો થાય છે. આની સાથે, અમે સમગ્ર દેશમાં અમારા ગ્રોસરી ઓપરેશન્સ વેગ આપવા, ઇકોસિસ્ટમ પાર્ટનશીપને મજબુત કરવા માટે પણ રોકાણ કર્યું છે, જેનાથી એક ખર્ચાળ પ્રોડક્ટ સિલેક્શન દ્વારા એક અડચણરહિત ગ્રોસરી શોપિંગ અનુભવ મળી શકે તથા ગ્રાહકો માટે પૂરવઠા ચેઇનને વેગ મળશે અને ઇન-એપ અનુભવમાં પણ સરળતા આવશે. અમે છેલ્લા વર્ષમાં ટિયર ટુ શહેરોમાં ગ્રોસરીની માંગમાં વધારાના સાક્ષી છીએ, જે દર્શાવે છે કે, ગ્રાહકો હવે તેમના ઘરે બેસીને સરળતાથી કોન્ટેકલેસ શોપિંગને પ્રાધાન્ય આપી રહ્યા છે. અમને લાગે છે કે, આ ટ્રેન્ડ આગામી સમયમાં પણ ચાલુ રહેશે અને ભારતમાં ઇ-ગ્રોસરી સ્પેસમાં સ્થાપિત થઈ જશે."

ફ્લિપકાર્ટ ગ્રોસરીમાં આજે 7000થી પણ વધુ પ્રોડક્ટ્સ, 200થી પણ વધુ શ્રેણીમાં પ્રાપ્ય છે, જેમાં રોજિંદા ઘરના પૂરવઠા, સ્ટેપલ્સ- આટા, દાળ, તેલ, ઘી, નાસ્તા અને પીણાં, કન્ફેક્શનરી, પર્સનલ કેર, ડેરી અને ઇંડા તથા અન્ય ઘણાનો સમાવેશ થાય છે. ઓનલાઈન શોપિંગ માટે ગ્રોસરીએ બીજી સૌથી મોટી માંગ છે અને ફ્લિપકાર્ટ માટે આ મુખ્ય ધ્યાને કેન્દ્રિત બાબત છે, જેનાથી તે નવા ગ્રાહકોને ઓનલાઈન લાવી શકે છે. કંપનીનું ગ્રોસરી ઓપરેશનએ સ્થાનિક ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગને પણ સહકાર આપશે, ખેડુતો-ઉત્પાદકોને ટેક સક્ષમ માર્કેટપ્લેસ દ્વારા લાખો ગ્રાહકોની સાથે જોડશે. ફ્લિપકાર્ટ ગ્રોસરીએ છેલ્લા 1 વર્ષમાં 3 ગણી વૃદ્ધિ નોંધાવી છે. જે ભારતની સૌથી વધુ ફેલાયેલી એન્ટિટિ છે, ફ્લિપકાર્ટ જૂથએ સમગ્ર દેશમાં ઘણા ખેડૂતો/ ખેત ઉત્પાદક સંસ્થાઓની સાથે કામ કરીને તેમને એક કૃષિ-પૂરવઠા ચેઇનની સાથે જોડે છએ, જેનાથી તેમનું જીવન ધોરણ સુધરે. ફ્લિપકાર્ટ ગ્રોસરીએ અગ્રણી રિટેલર્સની સાથે ભાગીદારી કરે છે, એટલું જ નથી, પરંતુ રોગચાળા દરમિયાન તેને ગ્રાહકોની સેવા માટે કામ પણ કર્યું છે, ઉપરાંત તેને સમગ્ર દેશમાં એફપીઓની સાથે કામ કરીને ખેડૂતોના સમુદાયને સામાન્યથી ડિઝીટલ એક્સેસ તરફ વાળ્યા છે.

તાજેતરના રેડસીર કન્સલ્ટિંગ અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, ભારતમાં 50 ટકાથી વધુ (570 અબજ ડોલરથી નજીક) ગ્રોસરી રિટેલ સ્પેસ ઇ-ગ્રોસરી પ્લેટફોર્મ દ્વારા સંબોધિત છે, જેમાં મૂલ્ય-પ્રથમ હાઉસહોલ્ડએ એક નોંધપાત્ર 61 ટકા જેટલો હિસ્સો ધરાવે છે, જેમાં મેટ્રો અને ટિયર 1 બજારોમાં આ તકની 40 ટકાથી પણ વધુ તક પડેલી છે.

ફ્લિપકાર્ટની ગ્રોસરીએ એક મજબુત પૂરવઠા ચેઇન દ્વારા સમર્થિત સમયસર ડિલિવરી ઓફર કરે છે, જેમાં એખ વિશાળ પ્રોડક્ટની રેન્જની પ્રાપ્તિ થાય છે અને મૂળભૂત રીતે સાહજિક શોપિંગનો અનુભવ આપે છે. ફ્લિપકાર્ટની ગ્રોસરી માટે અવાજથી સક્ષમ, ક્રેડિટ ઓફરિંગ્સ તથા ઓપનબોક્સ ડિલિવરી પૂરી પાડીને એક અડચણ રહિત શોપિંગનો અનુભવ કરોડો ગ્રાહકોને પૂરો પાડે છે. ફ્લિપકાર્ટએ આ

ઉપરાંત, 'ફ્લિપકાર્ટ ક્વિક'ની પણ રજૂઆત કરી છે, જે બેંગ્લોરમાં 90 મિનિટના ડિલિવરી વાયદાની સાથે હાયપરલોકલ ડિલિવરી મોડેલ ઓફર કરે છે.

ફ્લિપકાર્ટએ તાજેતરમાં તેના ગ્રોસરી બિઝનેસ માટે તેની અત્યાધુનિક પાન-ઇન્ડિયા કેમ્પેઇન ઉભું કર્યું છે, જે ગ્રાહકોના રોજિંદા ગ્રોસરીની ખરીદી દરમિયાન તેમના નિર્ણય અને દુ:ખાવાના મુદ્દાને અસર કરતા પરિબળોને સમજીને તેના પર સંશોધન કરીને તૈયાર કરવામાં આવ્યું છે.

**About the Flipkart Group**

The Flipkart Group is one of India's leading digital commerce entities and includes group companies Flipkart, Myntra, and Flipkart Wholesale. Started in 2007, Flipkart has enabled millions of consumers, sellers, merchants, and small businesses to be a part of India's e-commerce revolution, with a registered customer base of over 300 million, offering over 150 million products across 80+ categories. Our efforts to democratize e-commerce in India, drive access and affordability, delight customers, create lakhs of jobs in the ecosystem and empower generations of entrepreneurs and MSMEs have inspired us to innovate on many industry firsts. The recent launch of Flipkart Wholesale, our new digital marketplace, is a testament to our commitment to accelerate the growth of kiranas and MSMEs in India. Flipkart is known for pioneering services such as Cash on Delivery, No Cost EMI and easy returns – customer-centric innovations that have made online shopping more accessible and affordable for millions of Indians. Together with Myntra, which holds a prominent position in the online fashion market and now Flipkart Wholesale, the Flipkart Group will continue to steer the transformation of commerce in India through technology.

**For more information, please contact media@flipkart.com**